પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ અંક : ૨૯૧ કુલ પાના : ૪ તારીખ : ૦૨-૦૮-૨૦૨૪ શુક્રવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## હિમાચલના મંડી અને કૂલ્લુમાં આભ ફાટ્યાં બાદ ભયાનક ભૂસ્ખલન, અનેક ઘર કાટમાળ બનીને વહી ગયા



શિમલા

હિમાચલના મંડી અને કુલ્લુમાં વાદળ ફાટવાને કારણે ભારે નુકસાન થયું છે અનેક લોકો લાપત્તા બન્યા છે અત્યાર સુધી સાત લોકોના મોત થયાં હોવાના અહેવાલો છે મંડી જિલ્લાના રાજવન ગામમાં મોડી રાત્રે વાદળ ફાટવાને કારણે તબાહી મચી ગઈ છે. પાણીના જોરદાર પ્રવાહથી અનેક ઘરો ઘરાશાયી થયા છે. આ ઘટનામાં ૧૫ના મોત થયા છે. જ્યારે ૧૦થી વધુ લોકો ગુમ થયાના અહેવાલ છે. અંતરિયાળ વિસ્તારને કારણે પંચાયતના પ્રતિનિધિઓ અને અધિકારીઓનો સંપર્ક કરી શકતું નથી. મોબાઈલ સેવા તથા માર્ગો પણ સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે. નોંધનીય છે કે, મંડી બેઠકથી કંગના રણૌત ભાજપના સાંસદ છે. મંડીના ડેપ્યુટી કમિશનર અપૂર્વ દેવગને જણાવ્યું હતું કે રાહત અને બચાવ કામગીરી માટે એનડીઆરએફ એસડીઆરએફ અને એરફોર્સની મદદ લેવામાં આવી રહી છે

ગઈકાલે રાત્રે રાજવન ગામમાં ગાજવીજ વચ્ચે જોરદાર ધડાકો થયો હતો. થોડી જ વારમાં સર્વત્ર પાણી જ પાણી થઈ ગયું. માહિતી મળતાં વહીવટી તંત્ર રાત્રીમાં જ સંપૂર્ણ સક્રિય બની ગયું હતું. જિલ્લા વહીવટી તંત્રે દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં આજે રજા જાહેર કરી છે. ભૂસ્ખલનને કારણે પઠાણકોટ મંડી નેશનલ હાઈવે પણ સ્થળોએ બ્લોક થઈ ગયો છે. અહીં વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે

કેદારનાથમાં ભયાનક ભૂસ્ખલનની ઘટના બાદ કુલ્લુમાં પણ આભ ફાટવાં અને ભયાનક ભૂસ્ખલન થયાની ઘટના સામે આવી છે. જેના લીધે વિનાશના દૃશ્યો સર્જાયા છે. સૌથી વધુ નુકસાન અહીં નિરમંડ ઉપમંડલના બાગીપુલ વિસ્તાર થયું હતું. અહીં લગભગ ૯ જેટલાં મકાન ભૂસ્ખલનની લપેટમાં આવી ગયા હતા. જેના લીધે એક આખો પરિવાર એટલે કે ચાર લોકો મકાન સહિત ભૂસ્ખલનમાં વહી ગયા હતા.સૌથી વધુ નુકસાન અહીં નિરમંડ ઉપમંડલના બાગીપુલ વિસ્તાર થયું હતું. અહીં લગભગ ૯ જેટલાં મકાન ભૂસ્ખલનની લપેટમાં આવી ગયા હતા. જેના લીધે એક આખો પરિવાર એટલે કે ચાર લોકો મકાન સહિત ભૂસ્ખલનમાં વહી ગયા હતા.

માહિતી અનુસાર આ મકાનમાં નેપાળના ચાર લોકો પણ રહેતા હતા તેમની પણ કોઈ ભાળ મળી રહી નથી. એવામાં એવી અનેક જગ્યાઓ છે જ્યાં ઘણાં લોકો આ ભૂસ્ખલનની લપેટમાં આવ્યા હોય જેમને શોધવાના પ્રયાસો હાથ ધરાયા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા બુદ્ધિ સિંહ ઠાકુરે કહ્યું કે બાગીપુલમાં ટોચ પર આભ ફાટતાં કૂર્પન ખડ્ડમાં પૂર આવ્યું હતું. જેની લપેટમાં અનેક દુકાનો, મકાનો અને હોટેલો આવી ગઈ હતી. આભ ફાટવાની સ્થિતિને કારણે કુલ્લુમાં આવેલા મલાણામાં ડેમમાં ભારે પૂરની સ્થિતિ સર્જાઈ હતી. મોડી રાતે જ પાર્વતી, વ્યાસ સહિત અન્ય નદીઓમાં પૂર જેવી સ્થિતિઓ સર્જાઈ હતી અને જળસ્તરમાં વધારો નોંધાયો હતો.સરકારે હરિદ્વાર અને ઋષિકેશમાં ચારધામ યાત્રાનું રજીસ્ટ્રેશન ગુરુવાર માટે મુલતવી રાખ્યું છે. સાત જિલ્લાની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી.

ઉત્તરાખંડમાં છેલ્લા ૨૪ કલાકથી સતત ભારે વરસાદ ચાલુ છે, જેના કારણે પહાડોથી માંડીને મેદાનો સુધી માત્ર પાણી જ દેખાય છે. અહીં અત્યાર સુધી વરસાદના કહેરથી ૮ લોકોના મોત થયા છે.માહિતી અનુસાર, હિમાચલ પ્રદેશના શિમલા જિલ્લાના રામપુર વિસ્તારના સમેજ ખાડ વિસ્તારમાં ગુરુવારે વાદળ ફાટ્યું છે. આ દુર્ઘટના બાદ ૧૯ લોકો ગુમ થયાના અહેવાલ છે.

આ સિવાય કેદારનાથ પદયાત્રાના માર્ગ પર ભીમ બલી ગડેરા ખાતે વાદળ ફાટવાની ઘટના બાદ લગભગ ૧૫૦ થી ૨૦૦ લોકો ફસાયા છે. ઉત્તરાખંડમાં છેલ્લા ૨૪ કલાકથી સતત ભારે વરસાદ ચાલુ છે, જેના કારણે પહાડોથી માંડીને મેદાનો સુધી માત્ર પાણી જ દેખાય છે. સાથે જ કેદારનાથ રોડ પર ગૌરીકુંડમાં ભારે વરસાદને કારણે ગરમ તળાવ ધોવાઈ ગયું છે. સાવચેતીના પગલા તરીકે વહીવટીતંત્રે ગૌરીકુંડને ખાલી કરાવ્યું છે. હવામાન વિભાગે ઉત્તરાખંડના ૭ જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું હતું.

પહાડી વિસ્તારોમાં ભારે વરસાદને કારણે નદીઓ અને નાળાઓ ઉભરાઈ રહ્યા છે બીજી તરફ ભીમ બલિના ગડેરામાં વાદળ ફાટવાની ઘટના થયા બાદ માર્ગ પર ભારે કાટમાળ અને પથ્થરો પડ્યા છે. લગભગ ૩૦ મીટર ફૂટપાથ ખરાબ થઈ ગઈ છે અને આશરે ૧૫૦-૨૦૦ મુસાફરો ત્યાં ફસાયેલા હોવાનું કહેવાય છે. અકસ્માત બાદ રાહદારી માર્ગ પરનો વાહન વ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. દેહરાદૂનમાં એક વ્યક્તિનું મોત અને એક વ્યક્તિ લાપતા થઈ હતી. ચમોલીમાં એક મહિલાનું મોત થયું તો હરિદ્વારમાં બે બાળકોના મોત થયા છે. હળવદની અને બાગેશ્વરમાં અલગ-અલગ ઘટનાઓમાં બે બાળકો ડૂબી જવાના સમાચાર તો નૈનીતાલમાં એક વ્યક્તિનું મોત થયું હતું.બંગાળની ખાડીમાંથી આવતા ભેજવાળા પવનોને કારણે ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ અને દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદ થયો હતો. ઉત્તર પ્રદેશના ફરુખાબાદ અને બદાઉનમાં ગંગાનું જળસ્તર ખતરાના નિશાનને વટાવી ગયું છે. વારાણસીના તમામ મુખ્ય ઘાટ એકબીજાથી સંપૂર્ણપણે ખોવાઈ ગયા હોવાથી, દશાશ્વમેધ ઘાટ પર ગંગા આરતી સ્થળ અને મણિકર્ણિકા ઘાટ પર અંતિમ સંસ્કાર સ્થળને ઊંચે ખસેડવામાં આવ્યા છે. આઝમગઢમાં સરયૂનું જળસ્તર ખતરાની નજીક પહોંચી ગયું છે.

હરિયાણાના ૧૦ જિલ્લા, જીંદ, કરનાલ, પાણીપત, સોનીપત, સિરસા, અંબાલા, હિસાર, ભિવાની, રોહતક અને યમુનાનગરમાં ભારે વરસાદ થયો છે. ગુરુવારે પણ હરિયાણાના અલગ-અલગ જિલ્લાઓમાં વરસાદનું નારંગી અને યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૨ લોકોના મોત થયા છે. બીજી તરફ બિહારમાં વીજળી પડવાથી કાકા-ભત્રીજા સહિત ૧૧ લોકોના મોત થયા છે.

દિલ્હીમાં ભારે વરસાદને કારણે અનેક જગ્યાએ ભોંયરાઓ તેમજ રસ્તાઓ પાણીમાં ગરકાવ જોવા મળ્યા હતા. ઠેર ઠેર પાણી ભરાવાને કારણે લોકો અટવાયા હતા. આવી જ સ્થિતિ દ્રઝઈના મોટા ભાગના સ્થળોએ જોવા મળી હતી. દિલ્હી સરકારે આજે શાળાઓ બંધ રાખવાનો આદેશ આપવો પડ્યો હતો.

બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ હિમાચલ પ્રદેશના વિવિધ વિસ્તારોમાં વાદળ ફાટવાથી થયેલા ભારે નુકસાનની નોંધ લીધી છે. જેપી નડ્ડાએ હિમાચલના સીએમ સુખવિંદર સિંહ સુખુ સાથે વાત કરી અને સ્થિતિ વિશે માહિતી લીધી અને કેન્દ્ર સરકાર તરફથી શક્ય તમામ મદદની ખાતરી આપી. કેન્દ્રીય મંત્રી નડ્ડાએ પૂર્વ સીએમ જયરામ ઠાકુર અને બીજેપી પ્રદેશ અધ્યક્ષ સાથે વાત કર્યા બાદ તમામ ભાજપના કાર્યકરોને રાહત કાર્યમાં સામેલ થવાનો નિર્દેશ આપ્યો છે.

## કેદાર ઘાટી હાઈ એલર્ટ પર, યાત્રા રોકાઈ, હવે હેલિકોપ્ટર દ્વારા પણ ફસાયેલા ભક્તોને બચાવ્યા



કેદારનાથ,

કેદ્રનાથ પદયાત્રાના માર્ગ પર વાદળ ફાટવાથી ભારે તબાહી સર્જાયા બાદ યાત્રાને રોકી દેવામાં આવી છે. કેદારઘાટીમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સવારથી જ કેદારનાથ પદલ માર્ગો પર ફસાયેલા શ્રદ્ધાળુઓને બચાવી લેવાયા હતા. કેટલાક શ્રદ્ધાળુઓને હેલિકોપ્ટર દ્વારા બચાવી પણ લેવામાં આવ્યા હતા.

બાડી લિંચોલીમાં એનડીઆરએફ અને ડીડીઆરએફના જવાનો શ્રદ્ધાળુઓને બહાર કાઢવામાં વ્યસ્ત હતા. કેદારનાથ ફૂટપાથથી લઈને ગૌરીકુંડ અને સોનપ્રયાગ લિંચોલી સુધી આ દુર્ઘટનામાં સૌથી વધુ નુકસાન થયું છે. ફસાયેલા મુસાફરોને હેલિકોપ્ટર દ્વારા બચાવવામાં આવી રહ્યા છે. રસ્તાઓ અને વોકવેને નુકસાન થયું છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ રુદ્રપ્રયાગમાં અતિશય વરસાદને કારણે આપત્તિગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ પણ કર્યું હતું. આ દરમિયાન તેમણે બચાવ અને રાહત કામગીરીની સ્થિતિની સમીક્ષા કરી હતી.

કેદારનાથ પદયાત્રાના માર્ગ પર જંગલચટ્ટીથી ભીમ્બલી વચ્ચે લિંચોલી નજીક વાદળ ફાટવાને કારણે મંદાકિની નદીનું જળ સ્તર ખતરાના નિશાનથી ઉપર પહોંચી ગયું છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને જિલ્લા પ્રશાસને ગૌરીકુંડ અને સોનપ્રયાગના બજારોને મોડી રાત્રે ખાલી કરાવ્યા હતા. તપ્તકુંડ અને કેદારનાથ ફૂટપાથનો લગભગ ૩૦ મીટર પાણી ધોવાઈ ગયો છે. સાવચેતીના પગલા તરીકે જીએમવીએન ગેસ્ટ હાઉસ અને પોલીસ ચોકીમાં ૨૦૦ લોકોને રાખવામાં આવ્યા છેગૌરીકુંડ અને સોનપ્રયાગ વચ્ચેના રસ્તા પર ખડકો પડવાની પણ માહિતી છે. બીજી તરફ ટિહરીના ઘંસાલીમાં ભીલંગાણા બ્લોકના નૌતાદ ટોકમાં એક નાની હોટલ ધરાશાયી થતાં ભાનુ અને નીલમ દંપતીનું મૃત્યુ થયું હતું.

## જયપુરમાં વરસાદનો કહેર, દિલ્હી જેવી સ્થિતિ, ભોયંરામાં પાણી ભરાતા ૩ના મોત



જયપુર

રાજસ્થાનની રાજધાની જયપુરમાં છેલ્લા કેટલાક કલાકોથી ચાલી રહેલા ભારે વરસાદે તબાહી મચાવી છે. શહેરના માર્ગો, એરપોર્ટ, રેલવે સ્ટેશન, પોલીસ સ્ટેશન અને હોસ્પિટલ સહિત દરેક બિલ્ડીંગમાં પાણી ભરાયા છે. વરસાદના કારણે જયપુરમાં પણ દિલ્હી જેવો અકસ્માત થયો છે. અહીં વિશ્વકર્મા વિસ્તારમાં ભોંયરામાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે ત્રણ લોકોના મોત થયા હતા. આ માહિતી બાદ વહીવટીતંત્ર ભોંયરામાંથી પાણી કાઢવામાં વ્યસ્ત છે.જયપુરમાં પણ ચોમાસાનો પ્રથમ વરસાદ થયો છે અને સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જે રીતે દિલ્હીના ઓલ્ડ રાજેન્દ્ર નગર વિસ્તારમાં સ્થિત કોચિંગ સેન્ટરના ભોંયરામાં પાણી ભરાવાને કારણે ત્રણ વિદ્યાર્થીઓના મોત થયા હતા. તેવી જ રીતે જયપુરના વિશ્વકર્મા વિસ્તારમાં એક ભોંયરું વરસાદી પાણીથી ભરાઈ ગયું હતું. જેમાં ત્રણ લોકોના મોત થયા છે. જોકે, આ અકસ્માતમાં કોનું મોત થયું? આ માહિતી હજુ સુધી ઉપલબ્ધ નથી. ભોંયરામાંથી પાણી હટાવ્યા બાદ જ મૃતકોની ઓળખ થશે.દિલ્હીના ઓલ્ડ રાજેન્દ્ર નગર સ્થિત કોચિંગ સેન્ટરના ભોંયરામાં બનેલી લાઈબ્રેરીમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા. તે જ સમયે, મુશળધાર વરસાદ પડ્યો હતો, જેના કારણે કોચિંગ સેન્ટરની બહારના રસ્તાઓ પર ભારે પાણી ભરાઈ ગયા હતા. દરમિયાન ૨-૩ મિનિટમાં ભોંયરામાં અચાનક ૧૦-૧૨ ફૂટ સુધી પાણી ભરાઈ ગયું હતું.જ્યારે આ ઘટના બની ત્યારે સિવિલ સર્વિસની પરીક્ષાની તૈયારી કરી રહેલા ૩૫ જેટલા વિદ્યાર્થીઓ ભોંયરામાં અભ્યાસ કરી રહ્યા હતા. આ માહિતી બાદ દિલ્હી ફાયર સર્વિસ અને એનડીઆરએફની ટીમોને બોલાવવામાં આવી હતી. આમ છતાં ત્રણ વિદ્યાર્થીઓને બચાવી શકાયા નથી. આ દુર્ઘટના બાદ દિલ્હીમાં બેઝમેન્ટમાં ચાલતા તમામ કોચિંગ સેન્ટરોને તાળાં મારી દેવામાં આવ્યા છે. ત્યારથી વિદ્યાર્થીઓનો વિરોધ ચાલુ છે. તે જ સમયે, દિલ્હી સરકારે કોચિંગ સેન્ટર્સને લઈને નવો કાયદો લાવવાની જાહેરાત કરી છે.

## વડોદરામાં ચાંદીપુરા વાયરસથી વધુ છ બાળકો પોઝિટિવ, અત્યાર સુધી કુલ ૧૮ બાળકના મોત



વડોદરા

વડોદરા જિલ્લામાં ચાંદીપુરા વાયરસ ધરાવતાં વધુ છ બાળકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ સાથે વધુ બે શંકાસ્પદ બાળદર્દી સહિત કુલ ૮ બાળદર્દી હાલ સારવાર હેઠળ સયાજી હૉસ્પિટલમાં દાખલ છે. જે પૈકીના ચાર બાળકોની હાલત ગંભીર હોવાથી આઈસીયુમાં છે, જ્યારે અન્ય ચાર બાળકની વૉર્ડમાં સારવાર થઈ રહી છે. અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કુલ ૩૨ બાળ દર્દીઓ હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતા. જે પૈકી ૧૮ બાળકોના કરુણ મોત થયા છે. આ ઉપરાંત ૬ બાળ દર્દીને રજા આપવામાં આવી છે.

બાળકો કુપોષિત હોય તો તેની રોગ પ્રતિકારક શક્તિ પ્રમાણમાં ઓછી હોય છે. વાયરસજન્ય ચાંદીપુરામાં મચ્છર કરડવાથી તાવ આવે છે. અને બાળકોને સંપૂર્ણ કપડાં પહેરાવવામાં આવે છે. તેવી જ રીતે ચાંદીપુરાથી બાળકોને બચાવવા માટે દૂષિત પાણીનો ક્યાંય સંગ્રહ થયેલો ન હોય તેની ખાસ કાળજી રાખવી જોઈએ. વરસાદની સિઝનમાં આ રોગથી બાળકોને બચાવવા મોટાભાગે રહેઠાણની આસપાસ, અન્ય જગ્યાએ, ટાયરોમાં જમા થઈ રહેતાં પાણીનો વહેલી તકે નિકાલ કરવો જોઈએ. ઉપરાંત પર્યાવરણ બાબતે પણ ખાસ કાળજી લેવી જોઈએ તેવી સલાહ સયાજી હૉસ્પિટલના ડૉક્ટરે આપી છે.

## સરહદ પર ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં આવ્યો, પાકિસ્તાની ઠાર



જમ્મુ-કાશ્મીરના સાંબા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન દ્વારા ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જોકે, પહેલાથી જ સતર્ક ભારતીય બોર્ડર સિક્યોરિટી ફોર્સના જવાનોએ ઘૂસણખોરીના આ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. મળતી માહિતી મુજબ જમ્મુના સાંબા સેક્ટરમાં મ્જીહ્લએ એક પાકિસ્તાની ઘૂસણખોરને ઠાર માર્યો છે. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક મહિનામાં જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાન દ્વારા ઘૂસણખોરીના પ્રયાસોમાં ભારે વધારો થયો છે.માહિતી અનુસાર, ૩૧ જુલાઈ/૦૧ ઓગસ્ટ ૨૦૨૪ની મધ્યરાત્રિ દરમિયાન, એલર્ટ બીએસએફ જવાનોએ સાંબા સેક્ટરમાં સરહદ નજીક શંકાસ્પદ ગતિવિધિ ધ્યાનમાં લીધી હતી. બીએસએફે જોયું કે એક ઘૂસણખોર વાડ તરફ આગળ વધી રહ્યો છે. બીએસએફના જવાનોએ ઘૂસણખોરને ઠાર માર્યો અને ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો.બીજી તરફ ભારતીય સેનાની રાષ્ટ્રીય રાઈફલ્સના રોમિયો ફોર્સે હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદીઓના સહયોગી મોહમ્મદ ખલીલને પૂંચના મગનારમાં પકડી લીધો છે. તે પોલીસ કસ્ટડીમાં છે અને વધુ કડીઓ માટે તપાસ ચાલી રહી છે. મોહમ્મદ ખલીલ પાસેથી વિદેશી પિસ્તોલ મળી આવી છે. એક સક્રિય પાક વોટ્સએપ નંબર ટ્રેસ કરવામાં આવ્યો છે જેના દ્વારા એક હેન્ડલર તેને કામે રાખતો હતો. ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસની રોમિયો ફોર્સે રાજૌરી સેક્ટરના કાલાકોટ વિસ્તારમાં એક બેઝ પર સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. અહીંથી એક હંગેરિયન એકે ૬ ૩ડી હથિયાર મળી આવ્યું છે.

## નોઈડામાં આગ દુર્ઘટનામાં ૩ બાળકોના મોત, ઈ-રીક્ષાની બેટરીથી શોર્ટ સર્કિટ થતાં આગ

નોઈડા,

ઉત્તર પ્રદેશના નોઈડા સેક્ટર ૮માં ઝૂંપડપટ્ટીમાં આગ લાગવાને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ છે. આ ઘટના વિસ્તારના ફેઝ ૧ તરીકે જણાવવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ આ ઘટનામાં ત્રણ બાળકોના કરુણ મોત થયા છે. સાથે જ બાળકોના પિતાની હાલત નાજુક હોવાનું કહેવાય છે. પિતાને સારવાર માટે દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. જ્યાં તેની હાલત નાજુક છે. દરમિયાન, જિલ્લા હોસ્પિટલમાં દાખલ બાળકીઓની માતાની સ્થિતિ સ્થિર છે. આ આગની ઘટના સવારે ૪ વાગ્યે બની હતી. આગની ઘટના સવારે ૪ વાગ્યે બની હતી. ઘાયલોને સારવાર માટે દિલ્હીની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.આગ પાછળના વાસ્તવિક કારણમાં ઈ-રીક્ષાની બેટરીના કારણે શોર્ટ સર્કિટ થયું હોવાનું સામે આવ્યું. ઘરમાં ચાર્જિંગ દરમિયાન ઈ-રિક્ષાની બેટરીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી.

નોઈડા ફાયર ઓફિસરના જણાવ્યા અનુસાર,ધ્યાસના પિતા બેટરી રિક્ષા ચલાવે છે. રાત્રે બધા ઘરે સૂતા હતા. તેમના પુત્રો પલંગ પર સૂતા હતા. ૧૦ અને ૭ વર્ષની બે છોકરીઓ અને એક પાંચ વર્ષનો છોકરો બેડ પર સૂઈ રહ્યા હતા, જ્યારે માતા-પિતા જમીન પર સૂઈ રહ્યા હતા. ઓરડો નાનો હતો. મૃતક બાળકોના પિતા બેટરી રિક્ષા ચલાવે છે અને રૂમમાં બેટરી ચાર્જ થઈ રહી હતી. બેટરીના કારણે આગની ઘટના બની હોવાની આશંકા છે. હાલ આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. જો કે ઘરમાં આગ કેવી રીતે લાગી તે હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.આગની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગને તાત્કાલિક કાબૂમાં લેવામાં આવી હતી. અન્યથા આસપાસની ઘણી ઝૂંપડપટ્ટીમાં આગ લાગવાનું જોખમ વધી જાય છે. આનાથી અન્ય લોકોના જીવન માટે પણ જોખમ વધી જશે. પોલીસે જણાવ્યું હતું કે ઘરનો સમગ્ર સામાન બળીને રાખ થઈ ગયો હતો.

## સુરતમાંથી ૧ કે ૨ નહીં એક જ દિવસમાં ૧૬ બોગસ ડોક્ટર ઝડપાયા



સુરત,

નકલીની બોલબાલા છે અને નકલીના નામે કેટલાક લોકો હજુ પણ ગોરખધંધા ચલાવેછે. સુરત એસઓજી પોલીસ દ્વારા પાંડેસરા વિસ્તારમાંથી ૯ અને ડિંડોલી વિસ્તારમાંથી ૮, એમ કુલ ૧૬ જેટલા બોગસ એમબીબીએસ ડોક્ટરોને ઝડપી પાડવામાં આવ્યા છે. પકડાયે તમામ લોકો અને કમ્પાઉન્ડર અલગ અલગ નકલી ડિગ્રીઓ સાથેપ્રેક્ટિસ કરતા હતા. તેમની પાસેથી અલગ અલગ દવાઓ સાથે ઈન્જેક્શન અને મેડિકલનો સામાન પણ મળી પણ આવ્યા હતા. હાલ તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાંઆવી છે.પાંડેસરા અને ડિંડોલી વિસ્તારમાંથી કુલ ૧૬ જેટલા બોગસ એમબીબીએસ ડોક્ટરો મળી આવ્યા હતા. તેઓ પોતાનું ક્લિનિક ખોલી સારવાર માટે આવનારા દર્દીઓની કોઈપણ જાતની પ્રિસ્ક્રીપ્શન વગર દવા અને ઈન્જેક્શન આપતા હતા. પકડાયેલા તમામ બોગસ ડોક્ટરો આ પહેલા અન્ય કોઈ હોસ્પિટલમાં કામ કરી ત્યાંનું જ્ઞાન અને અનુભવ લઈ પોતે જ પોતાનું અલગ ક્લિનિક ખોલી બેસી ગયા હતા. લોકોના જીવ સાથે ચેડા કરતા પકડાયેલા ડોક્ટરો પાસેથી અલગ અલગ દવાઓ સાથે ઈન્જેક્શન અને મેડિકલના સામાન પણ મળી પણ આવ્યા હતા. હાલ તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાંઆવી છે.

## હવે રોડ અકસ્માતમાં ઘાયલોને કેશલેસ સારવાર, મોદી સરકાર ૩.૦ યોજના બનાવી રહી છે

નવીદિલ્હી,

હવે જો કોઈ વ્યક્તિ રોડ પર અકસ્માતનો ભોગ બને છે તો તેના માટે સરકાર એક સ્કીમ લાવી રહી છે, જે અંતર્ગત હવે ઈજાગ્રસ્ત વ્યક્તિની સારવાર કેશલેસ થશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ખુદ સરકાર વતી લોકસભામાં આ માહિતી આપી છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આ યોજનાને ચંદીગઢ અને આસામમાં પણ પ્રાયોગિક ધોરણે લાગુ કરવામાં આવી છે.

લોકસભામાં એક લેખિત જવાબમાં, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે યોજના હેઠળ, પાત્ર પીડિતોને આયુષ્માન ભારત પ્રધાન-જન આરોગ્ય યોજના હેઠળ સૂચિબદ્ધ હોસ્પિટલમાં મહત્તમ ૭ દિવસ માટે દાખલ કરવામાં આવશે. અકસ્માતની તારીખ ૧.૫ લાખ સુધીના ટ્રોમા અને પોલિટ્રોમા કેર સંબંધિત આરોગ્ય લાભ પેકેજો ઓફર કરવામાં આવે છે.

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રીએ જણાવ્યું હતું કે, "મંત્રાલયે નેશનલ હેલ્થ ઓથોરિટી સાથે મળીને રોડ અને ચંદીગઢની કોઈપણ શ્રેણી પર વાહનોનો ઉપયોગ કરીને થતા માર્ગ અકસ્માતોના ભોગ બનેલા લોકોને કેશલેસ સારવાર પૂરી પાડવા માટે એક યોજના તૈયાર કરી છે. અને તે આસામમાં પણ પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવ્યું છે. નીતિન ગડકરીના જણાવ્યા અનુસાર, મંત્રાલયે એક યોજના તૈયાર કરી છે અને તેને ચંદીગઢ અને આસામમાં પ્રાયોગિક ધોરણે લોન્ચ કરી છે, જે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૬૪બી હેઠળ રચાયેલા મોટર વાહન અકસ્માત ફંડ હેઠળ સંચાલિત છે.

તેમણે કહ્યું કે આવકના સ્ત્રોત અને તેના ઉપયોગ વિશેની માહિતી સેન્ટ્રલ મોટર વ્હીકલ (મોટર વ્હીકલ એક્સિડન્ટ ફંડ) નિયમો, ૨૦૨૨ હેઠળ આપવામાં આવી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળના એનએચએ સ્થાનિક પોલીસ, સૂચિબદ્ધ હોસ્પિટલો, રાજ્ય આરોગ્ય એજન્સી, નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર અને જનરલ ઈન્સ્યોરન્સ કાઉન્સિલ સાથે સંકલનમાં કાર્યક્રમના અમલીકરણ માટે જવાબદાર છે.મંત્રીએ જણાવ્યું હતું કે મોટર વાહનોના ઉપયોગથી થતા માર્ગ અકસ્માતોનો ભોગ બનેલા લોકોની કેશલેસ સારવાર માટેનો પાયલોટ પ્રોજેક્ટ ચંદીગઢ અને આસામમાં મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળના આદેશને ધ્યાનમાં રાખીને, જ્યાં માર્ગ અકસ્માતો થાય છે ત્યાં શરૂ કરવામાં આવ્યો છે. અનુલક્ષીને આધાર પૂરો પાડે છે.

## મહેસાણામાં ખોદકામ દરમ્યાન જૈન ભગવાનની મુર્તિઓ મળી આવી



કડી,

મહેસાણામાં જૈન ભગવાનની મુર્તિઓ મળી. કડીના થોળ ગામે ખોદકામ દરમ્યાન મુર્તિ મળી. થોળ ગામના મોટા વાસમાંથી મૂર્તિઓ મળી. ખાળકુવાના ખોદકામમાં જૈન ભગવાનની મૂર્તિઓ મળી. ૧૩ જેટલી મૂર્તિઓ જમીનના પેટાળમાંથી મળી.અગાઉ ઈડરીયા ગઢ પરથી નવીન ભવનના ખોદકામ દરમ્યાન અંદાજે ૧૫૦૦ વર્ષ પૂરાણી મૂર્તિઓ મળી આવતા ત્યાં કામ કરી રહેલા લોકો પ્રથમ નજરે અચંબિત થયા હતા. જોકે બાદમાં ભગવાનની મૂર્તિઓ હોવાનું માલુમ થતા કામદારોએ સૌ પ્રથમ પુરાતન ખાતાને તેમજ જૈન અગ્રણીઓને જાણ કરી જણાવતા જૈન આગેવાનોએ આ મૂર્તિઓ જૈન ભગવાનની હોવાનું ઓળખ કર્યું હતુ. ઈડરિયા ગઢ પર જૈન મંદિર પાસે નવીન ભવન માટે ખોદકામ દરમિયાન ૧૫૦૦ વર્ષ પુરાણી જૈન ભગવાન ની મૂર્તિ સહિત કેટલાક પુરાતન અવશેષો મળી આવતા શહેરના જૈન સમાજ સહિત પુરાતત્વ વિદો માં આનંદ છવાયો છે આ અતિ પ્રાચીન મૂર્તિ સહિત અવશેષોને જોવા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા ઈડરિયા ગઢ પર દિગંબર જૈન મંદિર પાસે નવીન સંત ભવનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું અહીં રવિવારે સવારે જેસીબી મશીનથી પાયાના ખોદકામ દરમિયાન એક પ્રાચીન મૂર્તિ તથા કેટલાંક પુરાતન અવશેષો જોવા મળતાં સ્થળ પર હાજર કામદારો દ્વારા જૈન સમાજના અગ્રણીઓ ને જાણ કરાઈ હતી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# નવાગામ માધ્યમિક શાળા ખાતે ચાંદીપુરમ વાયરસ અને ટીબી રોગ અંતર્ગત બાળકોને માહિતગાર કરવામાં આવ્યા



### ચાંદીપુરમ તાવના લક્ષણો

"બાળકને સખત તાવ આવવો, ઝાડા થવા – ઉલ્ટી થવી, ખેંચ આવવી, અર્ધભાન કે બેભાન થવું.,

દાહોદ,

આજરોજ દાહોદ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બોરડીમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવટ તથા જીલ્લાક્ષય અધિકારી ડો. આર.ડી. પહાડીયાના માર્ગદર્શન અન્વયે નવાગામ માદયમિક શાળામાં ચાંદીપુરમ અને ટીબી રોગ અંતર્ગત શાળામાં બાળકોને હાલમાં ચાલી રહેલ ચાંદીપુરમ વાઈરસ વિશે વિસ્તારપૂર્વક જાણકરી આપવામાં આવી

જેમાં સેન્ડફ્લાય એક એવુ જીવજંતુ છે. જે ઘરની અંદરની બાજુએ કાચી કે પાકી દિવાલ પર ભેજવાળા વાતાવરણમાં રહે છે. સેન્ડફ્લાય તેની ઉત્પત્તિ માટે ઈંડા મૂકે છે, તેમાંથી મચ્છરની જેમ ઈયળ, કોશેટો અને તેમાંથી પુખ્ત માખી બને છે. આ સેન્ડ ફ્લાય નરી આંખે જોઈ શકાય તેવી સામાન્ય માખી કરતા ચાર ગણી નાની હોય છે. સેન્ડ ફ્લાય ઘરની અંદરની બાજુએ તેમજ બહારની પાકી કે કાચી દિવાલ પરની તીરાડો તેમજ ભેજવાળા વાતાવરણમાં ઈંડા મુકે છે. ગ્રામ્ય વિસ્તારોના ઘરોમાં ખાસ કરીને ગાર–લીપણવાળા ઘરોમાં દિવાલની તિરાડો તેમજ દિવાલમાં રહેલા નાના છિદ્રોમાં તે રહે છે.

### ટીબી વિશે માહિતિ

સાથે સાથે ટીબી એ હવા દ્વારા ફેલાતો રોંગ છે. ખાંસી આવવી, તાવ આવવો, વજન માં ઘટાડો થવો, રાતે પરસેવો થવો, ક્યારેક ક્યારેક ગળફામાં લોહી પડવું જેવાં લક્ષણો ટીબી ના હોય છે ટીબી એ નખ અને વાળ સીવાય શરીરના દરેક અવયવોમાં ટીબી થઇ શકે છે. ટીબીની તપાસ દરેક સરકારી દવાખાનામાં મફત થાય છે .એક ટીબીનો દર્દી જો સારવાર ન લે તો ઍક વર્ષમાં ૧૦થી ૧૨ , દર્દીઓ પેદા કરે છે . ટીબીની સારવાર ડોટ્સ પદ્ધતિ થી વિના મૂલ્યે આપવામાં આવે છે . ટીબીના દરેક દર્દીઓને નિક્ષય પોષણ યોજના અંતર્ગત માસીક ૫૦૦રૂપિયા આપવામા આવે છે. આમ, આ કાર્યક્રમમાં જીલ્લાક્ષય કેન્દ્ર ના તબીબી અધિકારી ડો. અમરસિંગ ચૌહાણ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો હેલ્થ સ્ટાફ તથા શાળાના શિક્ષક ગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતો.

### ચાંદીપુરમ રોગોથી બચવાના ઉપાયો

"ઘરની દિવાલોમાં અંદરના તેમજ બહારના ભાગમાં રહેલછિદ્રો તેમજ તિરાડોને પુરાવી દેવી જોઈએ. ઘરની અંદરના ભાગે શક્ય હોય ત્યાં સુધી હવા ઉજાસ (સૂર્ય પ્રકાશ આવે) રહે તેવી વ્યવસ્થા કરવી. ૦ થી ૧૪ વર્ષ સુધીના બાળકોને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં સુવડાવવાનો આગ્રહ રાખો. બાળકોને શક્ય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં (ધુળમાં) રમવા દેવા નહીં.

# ઝાલોદ સીમલીયા તલ મુખ્ય પ્રાથમિક શાળાના ઓરડાઓનું ઝડપી બાંધકામ કરવા ગ્રામજનોની માંગ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના સિમલિયા મુખ્ય પ્રાથમિક શાળા આવેલ છે. જયા જર્જરિત હાલતમા આવેલ ઓરડાઓને તોડી પાડી આધુનિક રીતે નવીન બાંધકામ અર્થે તોડી પડાયા બાદ પણ છેલ્લા ઘણા વર્ષો ઉપરાંતથી જમીનદોસ્ત હાલતમા હોવાથી બાળકોના અભ્યાસ પર,માઠી અસર પડી શકે છે, છતાં પણ બાંધકામમા વિલંબ થતા અભ્યાસ અર્થે આવતા બાળકોને બે પાળી કરી અભ્યાસ કરાવવા શિક્ષકો મજબુર ત્યારે આવી સ્થિતીમા બાળકના શિક્ષણ અભ્યાસ પર માઠી અસર પણ પડી શકે ..? પ્રા.શાળામાં ભણતા બાળકો માટે નવા અભ્યાસ રૂમો માટે જુના જર્જરિત ઓરડા તોડી પાડી નવા ઓરડા બનાવવા માટે મંજુરી પણ સરકાર તરફથી આપવામાં આવેલ છે. પરંતુ અધિકારીઓને દાવા જુના શાળાના ઓરડાનુ નવુ સુવિધાસભર ઓરડા બનાવી આપવા માટે વિલંબ શા માટે છે. છતાંય પણ જવાબદાર તંત્રની નિષ્કાળજીના કારણે શાળાનુ નવીન બાંધકામ હજીય સુધી બન્યુ નથી.

ત્યારે આ સંદર્ભે ઝાલોદ આપ નેતા અનિલભાઈ ગરાસિયા ગ્રામજનોની રજૂઆતને દ્યાને લઈ શાળાની મુલાકાત લઈ સરકારની વિકાસની પોલ ખોલીને શિક્ષણ જગતની વાસ્તવિકતા તંત્ર સુધી પહોચે અને ત્વરિત ઝડપી શાળાના ઓરડા બાંધકામ થાય અને ગ્રામજનોના વિકાસ તેમજ બાળકોના ભવિષ્ય વિશે ત્વરિત પગલા ભરવા માંગ કરી હતી.

શાળાના જર્જરિત ઓરડા ખાસ્સા સમયથી જમીનદોસ્ત કરી દેવાયા છે. જેથી બાળકોને ઓરડાની અછત હોવાથી બે પાળીમા અભ્યાસ કરવા મજબુર છે. આવી સ્થિતીમા બાળકોએ તેમજ શિક્ષકોએ હાલાકી ભોગવવી પડે છે, તેમજ બાળકોના ૫૦૦ કરતા વધુ અભ્યાસ કરતા બાળકોના ભવિષ્ય પર માઠી અસર પડતી જોવા મળે છે. નવીન બાંધકામ માટે કયારની મંજુરી મળી ચુકી છે, તે છતા વારંવાર રજૂઆત કરવા છતાય વિલંબ શા માટે...? ખમણ રમેશભાઈ, તલના સ્થાનિક....

## ઝાલોદ ઓવર બ્રીજ જવાના રસ્તા ઉપર મસમોટા ભુવાને લઈ લોકો જીવના જોખમે પસાર થવા મજબુર

દાહોદ,

દાહોદ શહેરના ઝાલોદ રોડ ઓવર બ્રિજ જવાના રસ્તા પર મસમોટા ભુવાને પગલે વાહન ચાલકોને પોતાના જીવના જોખમે પસાર થવાનો વારો આવી રહ્યો છે. ત્યારે દાહોદ નગરપાલિકા દ્વારા આ ભુવાને તાત્કાલિક ધોરણે પુરવામાં આવે તેવી લાગણી અને માંગણી અહીંથી પસાર થતાં વાહન ચાલકોમાં ઉઠવા પામી છે.

દાહોદ શહેરમાં વરસાદી માહૌલ વચ્ચે જ્યાં જુઓ ત્યાં જાહેર રસ્તાઓ ખખડધજ બની ગયાં છે. શહેરના તમામ રસ્તાઓ પર મસમોટા ખાડાઓ પડી જવાને પગલે કાદવ, કીચડની વચ્ચે આવા ખાડાઓ પરથી વાહન લઈ પસાર થવું તો ઠીક ચાલતુ પસાર થવું પણ મુશ્કેલ બની ગયું છે. સ્માર્ટ સીટીના નામે દાહોદમાં સંબંધિત તંત્ર તેમજ સત્તાધારી પક્ષો દ્વારા માત્ર મોટી મોટી વાતો કરવામાં આવી રહી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે બે દિવસ પહેલા દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરના સ્ટેશન રોડ વિસ્તાર ખાતે નગરજનો માટે જોખમી બની રહેલા આવા રસ્તાઓ ભાજપાના ઝંડા લહેરાવી ભારે વિરોધ પણ કરવામાં આવ્યો હતો. ત્યારે બીજી તરફ ગતરોજ દાહોદ શહેરના ઝાલોદ રોડ ઓવર બ્રિજ પાસે મસમોટો ભુવો નજરે પડતાં લોકો ચોંકી ગયાં હતાં. અહીંથી પસાર થતાં વાહન ચાલકોને પોતાના જીવને જોખમમાં મુકી પસાર થવાનો વારો આવી રહ્યો છે. ત્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા આ ભુવાને પુરવામાં આવે તે અત્યંત આવશ્યક છે. ત્યારે સ્થાનીક પોલીસ દ્વારા આ મામલે સજાગતા દાખવી આ ભુવાની ભરતે બેરીકેટ લગાવી દેવામાં આવ્યું છે.




આજે શકુંતલાદેવી સીવણ ક્લાસ ખાતે પ્રથમ તાલીમવર્ગ પૂર્ણ કરનાર બહેનોને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યું. જેમાં ૧૫૦ થી વધુ બહેનોએ સફલતા પૂર્વક તાલીમ વર્ગ પૂર્ણ કર્યો હતો.

# દાહોદમાં સિંગવડ તાલુકાના પાતા ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ

દાહોદ,

આજના સમયમાં આપણે જોઈ રહ્યા છીએ કે, રાસાયણિક ખાતર અને દવાના કારણે ગ્લોબલ વોર્મિંગમાં વધારો થયો છે, એટલું જ નહી પરંતુ રાસાયણિક ખાતર તેમજદવાના કારણે પ્રકૃતિનું સંતુલન જાળવતા જીવ જંતુ–બેક્ટેરીયા નાશ પામ્યા છે, જેના પરિણામે આજે ધરતી બંજર બની રહી છે. ધરતીને બંજર બનતી અટકાવવાનો અને પર્યાવરણનું જતન કરવાનો એકમાત્ર વિકલ્પ પ્રાકૃતિક કૃષિ છે. જેને ધ્યાને રાખી દાહોદ જીલ્લાના ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી કરવાનો સંકલ્પ કર્યો છે, ત્યારે સિંગવડ તાલુકાના પાતા ગામમાં તાલીમ યોજવામાં આવી હતી, જેમાં



પ્રગતિશીલ ખેડૂત ડામોર ચંદ્રસિંહ દ્વારા પ્રાકૃતિક ખેતીના વિવિધઆયામો વિશે વિગતે માહિતી આપવામાં આવી હતી.

ખેડૂત ચંદ્રસિંહ ડામોરએ અન્ય ખેડૂતોને વિસ્તાર પૂર્વક સમજાવતા કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીમાં કોઈપણ પ્રકારના રાસાયણિક ખાતર કે દવાની જરૂરીયાત રહેતી નથી, જેથી ખેડૂતોને રસાયણ પર થતા ખર્ચથી બચાવે છે તેમજ ખેત ઉત્પાદનમાં ઘટાડો કર્યા વિના જળ, જમીન અને પર્યાવરણનું સંવર્ધન કરે છે. પ્રાકૃતિક કૃષિ માટે દેશી ગાય જરૂરી હોઈ દેશી ગાયનું જતન– સંવર્ધન થાય છે.

રાસાયણિક ખાતર અને દવાઓના કારણે ગ્લોબલ વોર્મિંગમાં સતત વધારો થઈ રહ્યો છે, તેવા સમયે પ્રાકૃતિક કૃષિ એ અસરકારક સાબિત થઈ શકે છે. પ્રાકૃતિક કૃષિ માટે વપરાતા ગાયના છાણમાં અનેકગણાસૂક્ષ્મ જીવાણુંઓ હોય છે. ભારતીય મુળની ગાયોના છાણથી બનતા જીવામૃતમાં સૂક્ષ્મ જીવાણુંઓની સંખ્યામાં બમણો વધારો થાય છે, આ જીવામૃતનો ખેતીમાં ઉપયોગ કરવાથી જમીનના સેન્દ્રીય કાર્બનમાં વધારો થવાની સાથે જમીનની ગુણવત્તામાં પણ સુધારો થાય છે. જે તમામખેડૂતોમાટેલાભદાયીનીવડશે.

# દાહોદ જીલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વ-૨૦૨૪ની ઉજવણી દેવગઢ બારીયા ખાતે યોજાશે

દાહોદ,

દાહોદ જીલ્લામાં સ્વાતંત્ર્ય પર્વ, ૧૫મી ઓગષ્ટ–૨૦૨૪ની ઉજવણીના ભાગરૂપે જીલ્લાકક્ષાના કાર્યક્રમની પૂર્વતૈયારીઓની સમીક્ષા અર્થે જીલ્લા કલેકટર યોગેશ નિરગુડેની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ વર્ષે ૧૫ મી ઓગષ્ટ પર્વની જીલ્લા કક્ષાની ઉજવણી સ્વ જયદીપસિંહજી રમત–ગમત સંકુલ દેવગઢબારીયા ખાતે યોજવામાં આવશે.



દાહોદ જીલ્લામાં સ્વાતંત્ર્ય પર્વ ૧૫ મી ઓગસ્ટનો કાર્યક્રમ સુચારૂ અને આયોજનબદ્ધ રીતે ઉજવાય તે માટે જીલ્લા કલેકટર યોગેશ નિરગુડે દ્વારા તમામ વિભાગના અધિકારીઓને સોંપાયેલી જવાબદારીની સમીક્ષા રૂપે કાર્યક્રમની વ્યવસ્થા અને પ્રોટોકોલ જળવાઈ રહે તે બાબતે જરૂરી ચર્ચાઓ કરવામાં આવી હતી. ૧૫મી ઓગષ્ટના દિવસે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, પોલીસ પરેડ સહિતના વિવિધ કાર્યક્રમો યોજવાના થાય છે, ત્યારે આ પર્વને દાહોદ જીલ્લાના નાગરિકો પણ ઉલ્લાસભેર ઉજવે અને રાષ્ટ્રીય પર્વમાં સહભાગી બને તેવા પ્રયાસો કરવા સૌને અપીલ કરી હતી.

જીલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ સાથે આયોજન અને વ્યવસ્થાનાં સુચારૂ સંચાલન, પોલીસ બંદોબસ્ત જેવી તમામ કામગીરીની અંગે વિગતવાર સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

આ બેઠકમાં જીલ્લા પોલીસ વડા ડો રાજદીપસિંહ ઝાલા, પ્રાયોજના વહીવટ દાર સ્મિત લોઢા, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી.એમ.પટેલ, નિવાસી અધિક કલેકટર જે.એમ.રાવલ, પ્રાંત અધિકારી સર્વઓ, નાયબ પોલીસ અધિક્ષકઓ સહિત વિવિધ વ્યવસ્થાપન સમિતિના અધિકારીઓ, અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી જી.પી. ધાનકા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા દાહોદ

દાહોદ,

તારીખ ૦૧/૦ ૮ / ૨૦૨૪ ગુરૂવાર, શ્રી જી.પી.ધાનકા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના એનએસ એસ અંતર્ગત મહિલા સુરક્ષા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાહોદ જીલ્લાના મહિલા પી.એસ.આઇ. મિત્તલબેન કિરીટભાઈ પટેલ તેમજ દહેજ પ્રતિબંધક અધિકારી અને રક્ષણ અધિકારી પી.બી. પટેલ તેમજ મહિલા કમિશનર અને બાળ વિકાસની કચેરી દાહોદ, જીલ્લા માંથી પઠાણ મેડમ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સ્ત્રી શ્રી જી.પી. ધાનકા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તેમજ શાળાના એન.એસ.એસ.ના કો–ઓર્ડિનેટર બી.બી. ગઢવી શાળાના શિક્ષક રાકેશભાઈ ધોબી તેમજ શાળાના શિક્ષિકાબેન ઉષાબેન કાનસર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત પીએસઆઇ વિઠુલબેન પટેલએ મહિલા સુરક્ષા માટે શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ જાતીય સતામણી દહેજ પ્રથા દીકરીઓની છેડતી થવી તેમજ અન્ય સામાજીક અને શારીરિક ગુનાઓ વિશે વિગતે તેમના પ્રવચનમાં સમજાવ્યું હતું. ત્યારબાદ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલા સુરક્ષા અંતર્ગત એક રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત પોલીસ તાલીમ ભવન થી નીકળીને દાહોદના સ્ટેશન રોડ સ્વામી વિવેકાનંદ સર્કલ થી ફરીને જીલ્લા પોલીસ તાલીમ ભવનમાં પરત થઈ હતી. આ રેલીનો મુખ્ય હેતુ દાહોદ જીલ્લામાં બનતા જુદા જુદા સામાજીક અને ઘરેલુ હિંસા તેમજ શાળા કોલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓમાં શારીરિક છેડતીના ગુનાઓ ઓછા થાય અને દાહોદ જીલ્લામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ તેમજ તેમના માતા પિતામાં મહિલા સુરક્ષા વિશે જાગૃત થાય તે હેતુને સાર્થક કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય બાલકૃષ્ણ ચાપાના માર્ગદર્શન હેઠળ લીલી ઝંડી આપવામાં આવી હતી અને અંતમાં સમગ્ર કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો

## ૯ મી ઓગષ્ટ "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણીના આયોજન અંગે કલેકટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

દાહોદ,

આગામી તા.૯મી ઓગષ્ટ, વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે દાહોદ જીલ્લામાં દાહોદ, ગરબાડા , ઝાલોદ, ફતેપુરા અને લીમખેડા વિધાનસભા વિસ્તાર મુજબ ઉજવણી કરવામાં આવનાર છે. જેના આયોજન અને અમલવારી સંદર્ભે દાહોદ જીલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે કલેકટર યોગેશ નિરગુડે ની અદયક્ષતામાં બેઠક યોજવામાં આવી હતી.

સંયુકત રાષ્ટ્ર સંઘ (ગ્રગઘ) દ્વારા પ્રતિ વર્ષ ૯ મી, ઓગષ્ટના દિવસે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષીને રાજ્યના આદિવાસી વસ્તી ધરાવતા જીલ્લાઓ અને તેના તાલુકાઓમાં આ દિવસ ઉજવવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યુ છે. તેના અનુસંધાને દાહોદ જીલ્લામાં તા. ૯ મી ઓગષ્ટ, વિશ્વ આદિવાસી દિવસ– ૨૦૨૪ નો કાર્યક્રમ યોજાનાર છે.

કાર્યક્રમના આયોજન સંદર્ભે યોજાયેલી બેઠકમાં કલેક્ટર યોગેશ નિરગુડેએ સંબંધિત વિભાગોને ''વિશ્વ આદિવાસી દિવસ''ની ઉજવણીની પૂર્વ તૈયારી કરીને આ દિવસે જેવી કામગીરીની વ્યવસ્થા તેમજ પાર્કિંગ, પીવાના પાણી, આરોગ્ય અને સ્વચ્છતા, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રાથમિક સુવિધાઓ, સ્ટેજ–મંડપ, સાઉન્ડ સિસ્ટમ અંગેની સુચારૂ વ્યવસ્થા ગોઠવવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી. સ્થાનિક પદાધિકારીઓ અને આદિવાસી અગ્રણીઓ જનમેદની સાથે ઉપસ્થિત રહીને કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરે તે જોવા સૌને આહવાન કર્યું હતું.

આ બેઠકમાં જીલ્લા પોલીસ વડા ડો રાજદીપસિંહ ઝાલા, પ્રાયોજના વહીવટ દાર સ્મિત લોઢા, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી.એમ.પટેલ, નિવાસી અધિક કલેક્ટર જે.એમ.રાવલ, પ્રાંત અધિકારી સર્વઓ, નાયબ પોલીસ અધિક્ષકઓ સહિત વિવિધ વ્યવસ્થાપન સમિતિના અધિકારીઓ, અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદના લીમડીમાં તસ્કરોને મકાનને નિશાન બનાવી ૧૯ હજારની ચોરી કરી ફરાર

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં એક પરિવારના ઘરે રાત્રીના સમયે આવેલ તસ્કરોએ મકાનમાં પરિવારજનો હાજર હોવા છતાંય મકાનના બીજા માળે પ્રવેશ કરી મકાનમાંથી રૂા.૧૯,૦૦૦ની મત્તાની ચોરી કરી ફરાર થઈ હતાં. પરંતુ આ બનાવમાં મકાન માલિકે પોતાના ઘરની બહાર લાગેલ સીસીટીવીમાં તસ્કરો જોવાતાની સાથે લીમડી પોલીસને આ અંગેની મોબાઈલ ફોન મારફતે જાણ કરતાં પોલીસે મકાન માલિક સાથે માત્ર ટાઈમ પાસે કરી તેમજ ગેરવર્તુળ કરી ઘટના સ્થળે ન જતાં આ અંગેની વાતચીતનો ઓડિયો કલીપ મકાન માલિક દ્વારા પોલીસ સમક્ષ રજુ કરતાં લીમડી પોલીસ મથકના પીએસઓને ફરજ પરની નિષ્કાળજીને પગલે દાહોદ જીલ્લા પોલીસ વડા દ્વારા આ પીએસઓને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યાં હોવાનું પણ જાણવા મળે છે.



દાહોદ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી કથળી રહી હોય તેમ લાગી રહ્યું છે. ગતરોજ રાત્રીના એકાદ વાગ્યાના આસપાસ ઝાલોદના લીમડી નગરમાં ઝાલોદ રોડ ખાતે રહેતાં દેવેન્દ્રકુમાર પુરૂષોત્તમભાઈ ભટેવરાના મકાનમાં તસ્કરોએ ત્રાટક્યાં હતાં. ત્યારે તસ્કરો આવ્યાં હોવાનું દેવેન્દ્રકુમારને માલુમ પડતાં તેઓએ પોતાના ઘરની બહાર તેમજ દુકાનની બહાર લાગેલ સીસીટીવી કેમેરાને પોતાના મોબાઈલ ફોન મારફતે જોતા ઘરની બહાર બે–ત્રણ તસ્કરો જોવા મળ્યાં હતાં. આ અંગેની જાણ દેવેન્દ્રકુમારે પોતાના ભાઈને પણ કરી હતી. ત્યારે દેવેન્દ્રકુમાર દ્વારા તાત્કાલિક આ અંગેની જાણ મોબાઈલ ફોન મારફતે લીમડી પોલીસ મથકે કરી હતી. ત્યારે લીમડી પોલીસ મથકે રાત્રીના સમયે પોતાની ફરજ બજાવતાં પીએસઓ તરીકે ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેહલ અજીતભાઈ ડામોરે ફોન ઉપાડતાં તેઓ દ્વારા દેવેન્દ્રકુમાર સાથે માત્ર સમયનો વેડફાટ કરી દેવેન્દ્રકુમારને પોલીસમાં ફરિયાદ આપવા માટે આવવાનું કહ્યું હતું. ત્યારે તેમના આવા જવાબથી દેવેન્દ્રકુમાર તથા તેમના પરિવારજનો આશ્ચર્ય થઈ ગયાં હતાં. તસ્કરોએ દેવેન્દ્રકુમારના મકાનના દરવાજાને બહારથી સ્ટોપ મારી દીધી હતી. ત્યારે પીએસઓ હેડ કોન્સ્ટેબલ અજીતભાઈ ડામોર દ્વારા દેવેન્દ્રકુમાર સાથે ગેરવર્તુળ કરતાં આ અંગેની વાતચીતનો ઓડિયો કલીપ દેવેન્દ્રકુમાર દ્વારા ઝાલોદ ડિવાયએસપી સમક્ષ રજુ કર્યો હતો. ત્યારે બનાવની ગંભીરતાને દ્યાનમાં લઈ અને પીએસઓ હેડ કોન્સ્ટેબલ અજીતભાઈ ડામોરની ફરજ પરની નિષ્કાળજીને પગલે ઝાલોદના ડિવાયએસપી દ્વારા આ બનાવનો સમગ્ર રિપોર્ટ દાહોદ જીલ્લા પોલીસ વડાને સુપરત કર્યો હતો. ત્યારે જીલ્લા પોલીસ વડા દ્વારા લીમડી પોલીસ મથકના પીએસઓ હેડ કોન્સ્ટેબલ અજીતભાઈ ડામોરને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. તસ્કરોએ દેવેન્દ્રકુમારના મકાનના બીજા માળે પહોંચી મકાનમાંથી સોના–ચાંદીના દાગીના જેની કુલ કિંમત રૂા.૧૯,૦૦૦ની મત્તાની ચોરી કરી રાત્રીના સમયે ફરાર થઈ ગયાં હતાં.

આ સંબંધે દેવેન્દ્રકુમાર પુરૂષોત્તમભાઈ ભટેવરાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના ઉધાવળા ગામે કપડાના કબાટ માંથી ૧૦ વર્ષીય બાળકીને સાપ કરડી જતાં સારવાર માટે ખસેડાઈ

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ઉધાવળા ગામે એક ૧૦ વર્ષિય બાળકીને કપડાના કબાટમાં હાથ નાંખતી વેળાએ કબાટમાં સંતાઈ રહેલ કોબ્રા સાંપે દંશ દેતાં ગંભીર ઈજાગ્રસ્ત બાળકીને તાત્કાલિક દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હોવાનું જાણવા મળે છે.ગતરોજ દેવગઢ બારીઆના ઉધાવળા ગામે નાના ફળિયામાં રહેતાં ૧૦ વર્ષિય કાલબેન પરેશભાઈ પટેલ પોતાના ઘરમાં કપડાના કબાટમાં કપડા માટે હાથ નાંખતાં કબાટમાં સંતાઈ રહેલ કોબ્રા સાંપે કાલબેનને હાથના ભાગે દંશ દેતાં કાલબેને બુમાબુમ કરી મુકી હતી. કાલબેનના અવાજથી પરિવારજનો દોડી આવ્યાં હતાં અને કાલબેનના હાથમાં કોબ્રા સાંપે દંશ દેતા નજરે પડતાં અને સાંપ પણ નજરે પડતાં પરિવારજનોએ તાત્કાલિક ગંભીર ઈજાગ્રસ્ત કાલબેનને પ્રથમ ગામમાં આવેલ દવાખાનામાં પ્રાથમીક સારવાર આપ્યાં બાદ દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. બાળકી હાલ દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે ત્યારે આ અંગેની જાણ કિંગ ઓફ રાજ મહેલ એનિમલ રેસ્ક્યુ ટીમને થતાં ટીમના સદસ્યો બાળકીના ઘર તરફ દોડી ગયાં હતાં અને સાંપનું રેસ્ક્યુ કરી તપાસ કરતાં સાંપ કોબ્રા હોવાનું જણાઈ આવ્યું હતું. કોબ્રા સાપને એનિમલ ટીમે દેવગઢ બારીઆ ફોરેસ્ટ વિભાગને સોંપવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.291

